જુથ ગ્રામ પંચાયતો/ ગ્રામ પંચાયતોના
વિભાજન કરવા અને ગામોને સ્વતંત્ર
ગ્રામ પંચાયત આપવા અંગેના
ધોરણો.

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
પરિપત્રક્રમાંક: વભન-૧૦૯૯-૩૩૭૧-ચ,
સચિવાલય, ગાંધીનગર.
તા:૨૫.૫.૨૦૦૦.

**વંચાણે લીધા** : (૧) પંચાયત અને આરોગ્ય વિભાગનો તારીખ:૧૯.૧૧.૬૬નો પત્ર નં. સીટી-એન.ટી.૧૦૬૫-૭૩૫૫-ચ થી બહાર પાડેલ સૂચનાઓ.
(૨) પંચાયત અને આરોગ્ય વિભાગનો તા:૧૫.૨.૭૪નો પરિપત્ર ક્રમાંક: પધક-૧૧૭૩-૧૦૮-ઝ.૧.
(૩) પંચાયત અને આરોગ્ય વિભાગનો તારીખ: ૧૫.૧.૭૪નો પરિપત્ર ક્રમાંક:પધક -૧૦૬-ઝ.૧.
(૪) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના તા: ૪.૧૧.૮૮નો પરિપત્રક્રમાંક:વભન -૩૮૮૮/૨૦૫૮/ચ.

**પરિપત્ર:-**

પંચાયતી રાજ ઉચ્ચકક્ષાની સમિતિના અહેવાલમાં જૂથ ગ્રામ પંચાયતોના વિભાજન કરવા અને ગ્રામ દીઠ ગ્રામ પંચાયત આપવાના ધોરણો અંગે કરવામાં આવેલ જુદી જુદી ભલામણો ઉપર સરકારશ્રી તરફથી વિચારણા કર્યા બાદ તા:૪.૧૧.૮૮ના પરિપત્રથી વિભાજન અંગેના માપદંડો નક્કી કરવામાં આવેલ હતા. આ માપદંડો ( ધોરણો) માં અત્યાર સુધીમાં કોઇ ફેરફાર કે સુધારા-વધારા કરવામાં આવ્યા ન હોવાથી બદલાયેલ પરિસ્થિતિ તેમજ ગુજરાત પંચાયત અધિનિયમ,૧૯૯૩માં ગ્રામ પંચાયતોમાં મહત્તમ વસ્તીનું ધોરણ વધારેલ હોવાથી જૂથ ગ્રામ પંચાયત/ ગ્રામ પંચાયતના વિભાજન અંગેના માપદંડોના ધોરણોમાં સુધારો કરવા અંગેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. સરકારે પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબના ધોરણો અમલમાં મુકવાનું આથી નક્કી કરેલ છે.

**જૂથ ગ્રામ પંચાયત/ ગ્રામ પંચાયતના વિભાજન બાબત.**

| | |
|---|---|
| (૧) વસ્તીનુ ધોરણ | ૧૦૦૦ માણસોની વસ્તી. |
| (૨) કરવેરા તથા અન્ય સાધનોની વાર્ષિક માથાદીઠ આવક. | રૂ.૧૦/- |
| (૩) બે ગામો વચ્ચેનું અંતર | ૨ કિલોમીટર. |
| (૪) છુટછાટ | જે ગામની માથાદીઠ વાર્ષિક આવક રૂ. ૨૫/- કે તેથી વધારે હોય ત્યાં બે ગામો વચ્ચેના અંતરમાં ૧. કિ.મી.ની છુટછાટ આપી શકાશે. |

૫/- ઉપરોકત માપદંડ લક્ષમાં રાખી કોઇ જવાબદાર કાર્યકર કે લોક પ્રતિનિધિની રજૂઆત કે અભિપ્રાય મળે તો તે અંગે ગુણદોષના આધારે વિચારણા કરવી.

૬/- મહેસુલી આવક સિવાય ગ્રામ પંચાયત ચલાવવા પ્રજાજનોની લેખિત બાંહેધરી લેવી.

૭/- જંગલ વિસ્તારના ગામોને અલગ ગામઠાણ ન હોય તો પણ અલગ ગ્રામ પંચાયત આપવી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે.ડી.રાવત
ઉપસચિવ,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

પ્રતિ,

(૧) વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
(૨) સર્વે કલેકટરશ્રીઓ.
(૩) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
(૪) સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
(૫) મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

પંચાયત ગ્રામ ગૃ.નિ. અને ગ્રામ વિકાસ વિભાગ./!ચ!

<u>કાયદાકીય જોગવાઇ અને ગ્રામ પંચાયતના વિભાજનના માપદંડો.</u>

| અ.નં. | પ્રશ્ન. | જવાબ |
|---|---|---|
| (૧) | ગ્રામ પંચાયત ના વિભાજન અંગે કાયદાકીયજોગવાઇ શુ છે ? | ગુજરાત પંચાયત અધિનિયમ,૧૯૯૩ ની કલમ -૭ અનુસાર ઠરાવવામા આવે તેવી તપાસ કર્યા પછી, યોગ્ય સત્તાધિકારી, મહેસુલી ગામના અથવા મહેસુલી ગામના અથવા મહેસુલી ગામોના સમૂહના બનેલા અથવા મહેસુલી ગામનો ભાગ બનતા [illegible] બનેલ સ્થાનિક વિસ્તારની વસ્તી પંદર હજાર કરતા વધારે ન હોય તો સંવિધાનની કલમ -૨૪૩ના ખંડ(જ) હેઠળ ગામ નિર્દિષ્ટ કરવા માટે આવા સ્થાનિક વિસ્તારની ભલામણ કરી શકશે. ગ્રામ પંચાયતોના વિભાજન કરવાની ભલામણો (દરખાસ્ત) કરવાની સત્તા વિકાસ કમિશ્નરશ્રીને આપી છે. યોગ્ય સત્તાધિકારી સબંધિત તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અથવા ગ્રામ પંચાયત ( જે- તે અગાઉ રચાયેલ હોય તો તેની ) સાથે વિચાર વિનિમય કર્યા પછી કોઇપણ સમયે, સંવિધાનની કલમ -૨૪૩ના ખંડ(જ) હેઠળ પોતાની સત્તા વાપરવા માટે રાજયપાલને કોઇપણ સ્થાનિક વિસ્તારનો કોઇપણ ગામમાં સમાવેશ કરવાની અથવા તેવા વિસ્તારને બાકાત રાખવાની અથવા અન્યથા કોઇપણ ગામની હદ્દોમાં ફેરફાર કરવાની ભલામણ કરી શકશે, અથવા કોઇપણ સ્થાનિક વિસ્તાર ગામ તરીકે બંધ કરવાની ભલામણ કરી શકશે. |
| (૨) | ગ્રામ પંચાયતોના વિભાજન કરવાની સત્તા કોને છે ? | ગુજરાત પંચાયત અધિનિયમ : હેઠળ આ સત્તા રાજય સરકારને છે. |

| | | |
|---|---|---|
| (3) | ગ્રામ પંચાયતોના વિભાજન કરવા શુ ધોરણો નક્કી કરેલા છે ? | જુથ ગ્રામ પંચાયતો/ ગ્રામ પંચાયતોના વિભાજન કરવા અંગેના ધોરણો/માપદંડ,પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના પરિપત્રક્રમાંક વપન- ૧૦૯૯-૩૩૭૧-ચ, તા:૨૫.૫.૨૦૦૦<br>નીચે મુજબ નક્કી થયા છે.<br>૧. વસ્તીનુ ધોરણ    ૧૦૦૦ માણસોની વસ્તી<br>૨. કરવેરા તથા અન્ય સાધનોની માથાદીઠ વાર્ષિક આવક.    રૂ.૧૦.<br>૩. બે ગામો વચ્ચેનુ અંતર .    બે કિલોમીટર<br>૪. ઉપરોક્ત માપદંડ હળવો કરી શકાય.    જે ગામની માથાદીઠ વાર્ષિક રૂ. ૨૫ કે તેથી વધારે હોય ત્યાં બે ગામો વચ્ચેના અંતરમાં ૧ કિલોમીટરની છુટછાટ આપી શકાશે.<br>૫. ઉપરોક્ત માપદંડ લક્ષમાં રાખી કોઇ જવાબદાર કાર્યકર કે લોકપ્રતિનિધિની રજુઆત કે અભિપ્રાય મળે તો તે અંગે ગુણદોષના આધારે વિચારણા કરવી.<br>૬. મહેસુલી આવક સિવાય ગ્રામ પંચાયત ચલાવવા પ્રજાજનોની લેખિત બાંહેધરી લેવી.<br>૭. જંગલ વિસ્તારના ગામોને અલગ ગ્રામઠ [illegible] ન હોય તો પણ અલગ પંચાયત આપવી. |